# મધ્યપ્રદેશના પન્ના જિલ્લામાં બસ પલટી જતા ૫૦ના મોત

ભોપાલ, તા.૪

મધ્યપ્રદેશના પન્ના જિલ્લામાં આજે એક બસ પલ્ટી જવાના કારણે ૫૦ લોકોના મૃત્યુ થઈ ગયા છે જયારે ૧૨ લોકો ઈજાગ્રસ્ત છે. પોલીસના જણાવ્યા પ્રમાણે અનુપ ટ્રાવેલ્સની બસ છત્તરપુરથી પન્ના જઈ રહી હતી. સરેરાશ બપોરે ૧૨.૪૦ કલાકે બસ રવાના થઈ હતી. બપોરે બે કલાકે જયારે બસ પાંડા કોલ પહોંચી ત્યારે પુલિયા પાસે બસે તેનું નિયંત્રણ ગુમાવી દીધું હતું. અને પરિણામે બસ પલટી ખાઈ ગઈ હતી.

પોલિસ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે બસ પલટી ખાઈ ગઈ હોવાથી તેમાં આગ લાગી હતી. બસમાં ફસાયેલા યાત્રીઓને બહાર કાઢવામાં આવ્યા છે. જો કે આગ પર કાબુ મેળવતા સુધીમાં ઘણા લોકો આગમાં ભડથું થઈ ગયા હતા. ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી ઘાયલ લોકોને પન્ના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ પશુપાલન મંત્રી કુસુમ મેહદેલ ઘટના સ્થળે પહોંચી ગયા છે. તેમણે મૃતકોના પરિવારજનોને એક-એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ આ ઘટનાની મેજિસ્ટ્રીયલ તપાસ કરાવવાનો આદેશ આપ્યો છે. મુખ્યમંત્રી તરફથી મૃત્યુ પામેલા લોકો માટે ૨ લાખ અને વધારે ગંભીર લોકો માટે રૂ. ૫૦,૦૦૦ અને સામાન્ય ગંભીર લોકો માટે રૂ. ૨૫,૦૦૦ની રાહત આપવાની જાહેરાત કરી છે.



# મોદી ચીનની સોશિયલ મીડિયામાં વેબોમાં ઈન



નવી દિલ્હી,તા. ૪

સોશિયલ મીડિયા ઉપર સતત ભારે લોકપ્રિયતા ધરાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે ચાઈનીઝ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વેબોમાં જોડાયા છે. વેબોને ચીનની ટ્વીટર સેવા તરીકે ગણવામાં આવે છે. ટ્વીટર ઉપર વેબોમાં સામેલ થવાની જાહેરાત કરતાં નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, હેલો ચાઈના. વેબો મારફતે ચીની મિત્રો સાથે વાતચીત કરવાની તેમને તક મળી રહી છે. આના માટે તેઓ ગર્વ અનુભવ કરે છે. ચીનની તેમની ઐતિહાસિક યાત્રાના દિવસો પહેલા જ તેઓ ચાઈનીઝ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર આવી ગયા છે. આનાથી તેમની લોકપ્રિયતામાં અનેક ગણો વધારો થાય તેવી શકયતા દેખાઈ રહી છે. મોદીની યાત્રાને સફળ બનાવવા માટે માત્ર ભારતમાં જ નહીં બલ્કે ચીનમાં પણ જોરદાર રીતે તૈયારીઓ કરાઈ રહી છે. એશિયન બાબતોના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ હુઆંગે હાલમાં જ કહ્યું હતું કે, ચીનની યાત્રા દરમિયાન શ્રેણીબદ્ધ સમજુતી પર સહિસિક્કાઓ કરાશે.

# બચાવ ઓપરેશનનો અંત લાવવા તમામ દેશોને નેપાળનો અનુરોધ

## કાટમાળ હેઠળથી કોઈપણ વ્યક્તિ બચેલી મળે તેવી સંભાવના દેખાઈ રહી નથી તેવી નેપાળી સત્તાવાળાની કબુલાત : મૃતાંક વધીને ૭૨૫૬ સુધી પહોંચ્યો

કાઠમાંડુ,તા. ૪

નેપાળમાં વિનાશકારી ભૂકંપના આઠ દિવસ બાદ નેપાળે હવે બચાવ અને રાહત ઓપરેશન બંધ કરી દીધું છે. સાથે-સાથે ભારતની પુનઃનિર્માણમાં મદદ માંગી છે. નેપાળી સત્તાવાળાઓએ કબુલાત કરી છે કે, હવે કોઈપણ બચી ગયેલા લોકો મળે તેવી શક્યતા દેખાતી નથી. આજે કાઠમાંડુએ નેપાળમાં બચાવ ઓપરેશનમાં સામેલ તમામ ૩૪ દેશોના લોકોને તેમના ઓપરેશન બંધ કરવાની અપીલ કરી હતી. એમઈએના પ્રવક્તા વિકાસ સ્વરૂપે કહ્યું છે કે, આગામી તબક્કામાં વધવા માટે કહેવામાં આવ્યું છે. જે પુનઃનિર્માણ અને ફેર વસવાટની રહેશે. નેપાળે કાટમાળના જંગી જથ્થાને દૂર કરવા અને પુનઃવસવાટમાં મદદરૂપ થવા ભારે સાધનો માટે ભારતને વિનંતી કરી છે. ભારત હવે ટૂંક સમયમાં જ માંગણીને ધ્યાનમાં લઈને ભારે સાધનો મોકલશે. ભારત નેપાળમાં નાગરીક અને લશ્કરી સત્તાવાળાઓ સાથે કામ



કરી રહ્યું છે. દરમિયાન એક સપ્તાહ અગાઉ સમગ્ર નેપાળને હચમચાવી મુકનાર અને ભારે તબાહી સર્જનાર વિનાશકારી ધરતીકંપમાં મોતનો આંકડો આજે વધીને ૭૨૫૬ સુધી પહોંચી ગયો હતો. એક સપ્તાહ અગાઉ આવેલા ૭.૮ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપ બાદ હજુ પણ આંચકા આવી રહ્યા છે જેથી લોકોમાં દહેશત અકબંધ રહી છે. ગઈકાલે પણ ૫.૨ તીવ્રતાનો આંચકો આવ્યો હતો. દરમિયાન ટેન્ટ, તાડપત્રી અને બ્લેન્કેટ અને ડ્રાય રાશન સહિત ૧૭૦ ટન સામગ્રી નેપાળમાં હજુ સુધી પહોંચાડવામાં આવી છે. ગયા સપ્તાહમાં ૨૫મી એપ્રિલના દિવસે ભૂકંપ આવ્યાને સપ્તાહથી વધુ સમય હવે થઈ ગયો હોવા છતાં મૃતદેહો હાથ લાગી રહ્યા છે. ભૂકંપ બાદ હજુ પણ હજારો લોકો લાપતા થયેલા છે. ઘાયલ લોકોની સંખ્યા ૧૪૦૦૦થી ઉપર પહોંચી ગઈ છે. ભૂકંપના કારણે નેપાળમાં ૮૦ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે. દુરગામી વિસ્તારોમાં બચાવ ટીમ હજુ પહોંચી શકી નથી. વિશ્વના ૩૪થી વધુ દેશો બચાવ કામમાં લાગેલા હતા.અનેક કાટમાળમાં ફેરવાઈ ગયેલી ઈમારતો સુધી બચાવ અને રાહત ટુકડી પહોંચી શકી નથી. કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં લોકો હોઈ શકે છે. છેલ્લા ૮૦ વર્ષના સૌથી વિનાશકારી ભૂંકપ બાદ લોકોમાં વ્યાપક ફફડાટ ફેલાયેલો છે. ગયા શનિવારે આવેલા ભૂંકપનુ કેન્દ્ર કાઠમાન્ડુથી ઉત્તરપશ્ચિમમાં આશરે ૮૦ કિલોમીટરના અંતરે સ્થિત લામજુગમાં હતુ. નેપાળમાં ૭.૮ની તીવ્રતાના ભૂંકપ બાદ હજુ સુધી૪.૫થી વધુ તીવ્રતા સાથેના ઓછામાં ઓછા ૧૨૦ આંચકા આવી ચુક્યા છે. ગયા સપ્તાહમાં પ્રથમ આંચકો પ્રથમ ૭.૮ની તીવ્રતાનો અનુભવયા બાદ પણ એક પછી એક ઉંચી તીવ્રતાના આફટરશોક્સનો દોર જારી રહ્યો હતો. સેંકડો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. નેપાળના ઈતિહાસમાં આ ભૂકંપને સૌથી વિનાશકારી ભૂકંપ તરીકે ગણવામાં આવે છે. નેપાળમાં દૂરસંચાર અને વિજળી સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી.

**કેજરીવાલના આવાસ નજીક ગેંગરેપનો બનાવ**

# દિલ્હીમાં ફરી ચાલતી કારમાં ગેંગરેપના બનાવથી ચકચાર

નવી દિલ્હી,તા. ૪

પાટનગર દિલ્હીમાં ગેંગરેપનો વધુ એક બનાવ સપાટી પર આવ્યો છે. ૧૮ વર્ષની યુવતિ પર ચાલતી કારમાં બળાત્કાર ગુજારવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ગેંગરેપનો આક્ષેપ બે લોકો પર કરવામાં આવ્યો છે.



એમ માનવામાં આવે છે કે, ગેંગરેપના મામલામાં યુવતિને નિર્દયરીતે માર મારવામાં આવી હતી. તેના શરીર પર ઈજાના નિશાન મળી આવ્યા છે. એવું જાણવા મળ્યું છે કે, આ યુવતિ આ શખ્સોને ત્યાં નોકરી કરતી હતી. આરોપીઓએ તેને મોડી રાત્રે વિધાનસભાથી થોડાક અંતર ઉપર ફેંકી દીધી હતી. ચોંકાવનારી બાબત એ છે કે, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું આવાસ અહીંથી બિલકુલ નજીક છે. કોઈ વ્યક્તિએ જાણ કર્યા બાદ પીસીઆરની ટુકડી પહોંચી ગઈ હતી. ગેંગરેપના સમાચાર મળતાની સાથે જ પોલીસમાં ખળભળાટ મચી ગયો હતો. મોડી રાત્રે પોલીસના અધિકારીઓ પણ પહોંચ્યા હતા. આ યુવતિને રાત્રે ૧૧.૪૦ વાગ્યાની આસપાસ ટ્રોમા સેન્ટરમાં દાખલ કરાઈ હતી. મોડેથી તેને વહેલી પરોઢે એલએનજેપી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પોલીસે આજે સવાર સુધી કોઈ માહિતી આપી નહતી. તમામ મામલાઓમાં ઊંડી તપાસ ચાલી રહી છે. આ યુવતિ સિવિલ લાઈંસમાં વિકાસ ભવન નજીક મળી આવી હતી. યુવતિ ભયભીત હતી અને કોઈ નિવેદન આપવા માટે તૈયાર નહતી. પ્રાપ્ત અહેવાલ મુજબ યુવતિને માર મારીને ફેંકી દેવાઈ હતી. આ બનાવના સ્થળ નજીક કેજરીવાલનું આવાસ છે. નજીક જ વિધાનસભા પણ છે. શરૂઆતી અહેવાલમાં જાણવા મળ્યું છે કે, ઓફિસના કેટલાક લોકોએ કોલ્ડડ્રીંકમાં માદક દ્રવ્યો ભેળવી દીધા હતા અને પરિસ્થિતિનો લાભ ઉઠાવ્યો હતો. ત્યારબાદ વિકાસ ભવનની નજીક તેને ફેંકી દેવાઈ હતી.




દિલ્હીમાં ગઈ કાલે યોજાયેલા ૬૨મા નેશનલ એવોર્ડ ફંકશનમાં કંગના રાણાવત ટ્રેડિશનલ ડ્રેસમાં જોવા મળી હતી. મિશેલ ઓબામા જયારે ભારત પ્રવાસે આવ્યા હતા ત્યારે તેમના કપડા જે ડિઝાઈનરે ડીઝાઈન કર્યા હતા તેણે જ કંગનાનો આ ડ્રેસ કર્યો હતો. આ એવોર્ડ ફંકશનમાં કંગનાને ફિલ્મ કવીન માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ ફંકશનમાં બોલીવુડની ઘણી હસ્તીઓ જોવા મળી હતી. સાથે સાથે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી, નાણા મંત્રી અરુણ જેટલી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ તેમની દીકરી સાથે આ ફંકશનમાં હાજરી આપી હતી. નેશનલ એવોર્ડમાં કંગનાને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ અને પ્રિયંકા ચોપરાની ફિલ્મ મેરી કોમને શ્રેષ્ઠ પોપ્યુલર ફિલ્મનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

**બુદ્ધ પૂર્ણિમાના પ્રસંગે મોદીનું સંબોધન**

# નેપાળની પીડામાં ભારત તેની સાથે છે : વડાપ્રધાન

નવી દિલ્હી,તા. ૪

બુદ્ધપૂર્ણિમાના પાવન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળના ભૂકંપની વાત કરી હતી અને કહ્યું હતું કે, તમામ દેશના લોકો કટોકટીના સમયમાં નેપાળની સાથે છે. નેપાળની પુરતી મદદ કરવા માટે તૈયાર છે. મોદીએ આ પ્રસંગે ભગવાન બુદ્ધ પ્રત્યે તેમની આસ્થા અને વિશ્વાસની પણ વાત કરી હતી. બુદ્ધપૂર્ણિમા ઉપર પોતાના નિવેદન પહેલા એક મિનીટનું મૌન પણ પાડવામાં આવ્યું હતું. મોદીએ કહ્યું હતું કે, ભગવાન બુદ્ધના જન્મસ્થળ એવા અમારા પ્રિય ભાઈ નેપાળમાં હાલ ગંભીર પ્રકારની કટોકટી પ્રવર્તી રહી છે. નેપાળના લોકો મુશ્કેલ સ્થિતિમાં મુકાયા છે. આ મુશ્કેલીનો સમય ક્યાં સુધી રહેશે તે અંગે વાત કરવી મુશ્કેલ છે. તેઓ ભગવાન બુદ્ધને પ્રાર્થના કરે છે કે નેપાળ નવી શક્તિ સાથે ઉભરે તેવી અમારી પ્રાર્થના છે. ભગવાન બુદ્ધની વાત કરતાં મોદીએ કહ્યું હતું કે, એકબીજાની પીડાને કઈ રીતે સમજવી જોઈએ તેની વાત અને સંદેશો ભગવાન બુદ્ધે આપ્યો હતો. ભારતે જંગી સંશાધનો નેપાળ માટે ઉભા કર્યા છે. ઉપસ્થિત લોકોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, વિશ્વ મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે ભગવાન બુદ્ધ દ્વારા દર્શાવવામાં આવેલા માર્ગ પર આગળ વધવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. લોકો એકબીજાને મારી રહ્યા છે. રક્તપાતની આ સ્થિતિમાં ભગવાન બુદ્ધના સંદેશાને યાદ કરી લેવાનો સમય છે. વંચિતો અને અન્ય માટે ભગવાન બુદ્ધ હંમેશા સમર્પણ ભાવના ધરાવતા હતા. સમાજમાં ફેરફાર લાવવા ઈચ્છુક હતા. ૨૫૦૦ વર્ષ અગાઉ બુદ્ધે જે વાત કરી તે આજે પણ જીવંત છે.

# મુંબઈ અને દિલ્હી વચ્ચે આજે જોરદાર જંગ થશે

મુંબઈ,તા. ૪

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં આવતીકાલે મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી ડેરડેવિલ્સ વચ્ચે જોરદાર જંગ ખેલાશે. છેલ્લી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે જીત મેળવીને સ્થિતિને મજબુત કરી હતી. આવતીકાલે પણ મુંબઈ ઈન્ડિયન્સ પોતાની જીતના સિલસિલાને આગળ વધારે તેવી શકયતા છે. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી છેલ્લી મેચમાં સિમોન્સે શાનદાર ૭૧ રન ફટકાર્યા હતા. જ્યારે રોહિત શર્મા માત્ર ૨૬ રન બનાવી આઉટ થયો હતો. આવતીકાલની મેચમાં રોહિત શર્માના નેતૃત્વમાં મુંબઈ ઈન્ડિયન્સ વધુ એક જીત મેળવવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. લેન્ડલ સિમોન્સ, આરોન ફિંચ, રાયડુ, પાર્થિવ પટેલ અને હરભજનસિંહ જેવા ખેલાડીઓ ધરાવતી આ ટીમની ટક્કર દિલ્હી ડેરડેવિલ્સ સાથે થશે. ડ્યુમિનીના નેતૃત્વમાં દિલ્હી ડેરડેવિલ્સનો દેખાવ નિરાશાજનક રહ્યો છે. આ ટીમ હજુ સુધી ધારણા પ્રમાણે દેખાવ કરી શકી નથી. બીજીબાજુ મુંબઈ ઈન્ડિયન્સે પોતાની સ્થિતિને મજબુત કરીને ૧૦ પોઈન્ટ મેળવી લીધા છે અને તેની રેકિંગમાં સુધાર થઈ રહ્યો છે. આ મેચનું પ્રસારણ આવતીકાલે રાત્રે ૮ વાગ્યાથી કરાશે.બન્ને ટીમો નીચે મુજબ છે.

દિલ્હી ડેરડેવિલ્સ : યુવરાજ સિંહ, મનોજ તિવારી, કેદાર જાદવ, મયક અગ્રવાલ, મોહમ્મદ સામી, અમિત મિશ્રા, જયદેવ ઉનડકટ, ઝહીર ખાન, નદીમ, સૌરભ તિવારી, જયંત યાદવ, ઈય્યર, સીએમ ગૌતમ, શ્રીકાર ભારત, કેકે જિયાસ, જોમિનિક જોસેફ, જેપી ડ્યુમિની (કેપ્ટન), ડી કોક, ઈમારન તાહીર, નાથન નિલે , મેથ્યુસ, સન્ધુ, ટ્રાવીસ હેડ, એબી મોર્કેલ, સ્ટોઈનીસ

મુંબઈ ઈન્ડિયન્સ : રોહિત શર્મા (સુકાની), રાયડુ, પાર્થિવ પટેલ, આદિત્ય તારે, હરભજનસિંહ, વિનય કુમાર, જસપ્રિત, પવન સુજાલ, શ્રેયાસ ગોપાલ, ઓઝા, અભિમન્યુ મિથુન,વખારે,રાણા, સિદ્ધેશ લાડ, પંડ્યા, સુચિત, ઉન્મુક્ત ચાંદ, માલિંગા, પોલાર્ડ, કોરી એન્ડરસન, હેઝલવુડ, ડિલેન્ગ, સિમન્સ, ફિન્ચ, મેકલાઘન, બ્લીઝાડ

# કાળીયાર કેસ : સલમાનની વિરુદ્ધ સુનાવણી હાલ ટળી

જોધપુર,તા. ૪

જોધપુરની કોર્ટમાં બોલીવુડના સુપરસ્ટાર અભિનેતા સલમાન ખાનની સામે ચાલી રહેલ કાળીયાર શિકાર કેસના મામલામાં સુનાવણી પહેલી જુન સુધી ટાળી દેવામાં આવી છે. બીજીબાજુ આ મામલાની સુનાવણી કરી રહેલા જજની બઢતી સાથે બદલી કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સલમાન ખાનને આ મામલામાં આજે પોતાની રજુઆત કરવાની હતી. ગુરુવારના દિવસે મામલાની સુનાવણી દરમિયાન મુખ્ય જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ અનુપમા બિજલાણીએ નિવેદન નોંધાવવા સલમાન ખાનને વધુ એક તક



આપી હતી. છેલ્લી સુનાવણી દરમિયાન સલમાન ખાને કોર્ટમાં પોતાને નિર્દોષ તરીકે ગણાવીને વન્ય અધિકારીઓ ઉપર પોતાને ફસાવવાનો આક્ષેપ કર્યો હતો. વર્ષ ૧૯૯૮માં ફિલ્મ હમ સાથ સાથ હૈના શુટિંગ દરમિયાન સલમાન ખાન પર જોધપુરની નજીક ગામમાં ત્રણ જગ્યાએ હરણના શિકાર કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. મામલામાં તેનું નામ આવ્યા બાદ હોટલમાં તેના રૂમની ચકાસણી કરાયા બાદ એક રાઈફલ અને એક પિસ્તોલ મળી આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ બન્ને હથિયારોના લાઈસન્સની અવધિ પૂરી થઈ ચુકી છે. આ મુદ્દા પર સલમાનની સામે આર્મ્સ એક્ટ હેઠળ કેસ દાખલ કરાયો હતો. આ ઉપરાંત કાળીયાર શિકારના ત્રણ મામલા પૈકી બેમાં સલમાનને સજા ફટકારવામાં આવી ચુકી છે. જયારે કાકણી હરણ શિકાર પ્રકરણમાં સુનાવણી હજુ સુધી ચાલી રહી છે. બોલીવુડ સ્ટાર સલમાન ખાન હજુ એક પછી એક આક્ષેપોનો સામનો કરી રહ્યો છે. હિટ એન્ડ રન મામલામાં પણ તે ટ્રાયલનો સામનો કરી રહ્યો છે. આવનાર દિવસો તેના માટે જટીલ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. સલમાનના મામલામાં સુનાવણી હાલ પુરતી ટળી ગઈ છે. જજની બદલી કરવામાં આવી છે. સલમાનના મામલાને લઈ ચાહકોમાં ભારે ચર્ચા છે.

# પંજાબ : બસમાં મહિલા સાથે સતામણીનો વધુ એક બનાવ

નવી દિલ્હી,તા. ૪

મોગા બસ સતામણીના કેસને લઈને હજુ હોબાળો જારી છે ત્યારે વધુ એક મહિલાની પંજાબમાં બસની અંદર છેડતી કરવામાં આવી છે. ખાનગી બસના ડ્રાઈવર અને કંડક્ટરની ધરપકડ કરી લેવાઈ છે. મહિલાએ આક્ષેપ કર્યો છે કે, પંજાબના ખન્ના શહેર નજીક એક યાત્રી દ્વારા તેની છેડતી કરાઈ હતી. આ બનાવ નવી દિલ્હીથી આશરે ૬૦ કિલોમીટરના અંતરે ખન્ના શહેર નજીક બન્યો હતો. મહિલા સરહિંદથી બસમાં બેઠી હતી અને લુધિયાના નજીક સહાનેવાલ તરફ જઈ રહી હતી. પોલીસ સમક્ષ નોંધાયેલી પોતાની ફરીયાદમાં મહિલાએ આક્ષેપ કર્યો છે કે, તેની નજીકમાં એક યાત્રી બેઠો હતો. તેણે તેની સાથે છેડતી શરૂ કરી હતી. વિરોધ નોંધાવવામાં આવતા તે તેની પાછળની સીટ પર જતો રહ્યો હતો પરંતુ તેને લઈને ટિપ્પણી કરતો રહ્યો હતો. આ મહિલાએ કહ્યું છે કે, મોડેથી બસના કંડક્ટર અને ડ્રાઈવરને આ અંગે ફરિયાદ કરાઈ હતી પરંતુ તેઓએ તેમની વાત સાંભળી નહતી. ત્યારબાદ તેના પતિને ફોન કર્યો હતો અને પોલીસને જાણ કરી હતી.

**મોનસુન સામાન્ય નહીં રહે તો ઘણી તકલીફ**

# વર્ષ ૨૦૧૫-૧૬માં મોંઘવારી દર ૩.૭ ટકા રહે તેવી વકી : અહેવાલ

નવી દિલ્હી,તા. ૪

હાલમાં અનેક મોરચા ઉપર પડકારરૂપ સ્થિતિનો સામનો કરી રહેલી નરેન્દ્ર મોદી સરકારની આગામી દિવસોમાં મોનસુન સામાન્ય નહીં રહેવાની સ્થિતિમાં વધારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. તેના પગલાં બિનઅસરકારક પણ બની શકે છે. હાલના અંદાજ મુજબ વર્તમાન કારોબારી વર્ષમાં સરેરાશ મોંઘવારીનો દર ૩.૭ ટકા રહી શકે છે. આ અંદાજ દુન એન્ડ બ્રેડસ્ટ્રીટ દ્વારા મુકવામાં આવ્યો છે. મોંઘવારીનો દર ગત વર્ષે કારોબારી વર્ષમાં સરેરાશ બે ટકા રહ્યો હતો. ડીએન્ડબી દ્વારા રવિવારે એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હોલસેલ મોંઘવારીનો દર ૨૦૧૫-૧૬માં વધીને ૩.૭ ટકા રહેવાનો અંદાજ છે. જે વર્ષ ૨૦૧૪-૧૫માં બે ટકા રહ્યો હતો. ડીએન્ડબીએ પોતાના એક અહેવાલમાં દાવો કર્યો છે કે જો મોનસુનમાં વરસાદ સામાન્ય કરતા ઓછો રહેશે તો કૃષિ ક્ષેત્રને માઠી અસર થવાની સાથે સાથે ખાદ્ય ચીજવસ્તુઓની કિંમતમાં વધારો થઈ શકે છે. જેથી મોંઘવારીના દરમાં વધારો થઈ શકે છે. આ અહેવાલથી મોદી સરકારની ચિંતાંમાં વધારો થયો છે. મોંઘવારીના દરમાં ત્રણ વર્ષથી ઘટાડો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૪-૧૫માં આ દર બે ટકા હતો. વર્ષ ૨૦૧૩-૧૪માં છ ટકા હતો. જ્યારે તેના કરતા પણ એક વર્ષ અગાઉ વર્ષ ૨૦૧૨-૧૩માં આ દર ૭.૪ ટકા રહ્યો હતો. સસ્તા ફ્યુઅલ અને ખાદ્ય મુલ્યોમાં ઘટાડો થવાના કારણે નવેમ્બર ૨૦૧૪માં મોંઘવારીનો દર નકારાત્મક રહ્યો છે.

ફેબ્રુઆરી ૨૦૧૫માં આ નકારાત્મક ૨.૦૬ ટકા, જાન્યુઆરીમાં નકારાત્મક ૦.૩૯ ટકા, ડિસેમ્બર ૨૦૧૪માં નકારાત્મક ૦.૫૦ ટકા અને નવેમ્બર ૨૦૧૪માં દર નકારાત્મક ૦.૧૭ ટકા રહ્યો હતો. ભારતીય રિઝર્વ બેંકે પોતાની એપ્રિલની નાણાંકીય નિતી સમીક્ષા માં બે મુખ્ય દરોને યથાવત રાખ્યા હતા. ફેબ્રુઆરી મહિનામાં કેન્દ્રિય નાણાંપ્રધાન અરૂણ જેટલીએ તેમના બજેટમાં નાણાંકીય ખાદ્યને ઘટાડી દેવા માટે કેટલાક પગલાની જાહેરાત કરી હતી. જેની અસર હવે ટુંક સમયમાં ચીજવસ્તુઓ ઉપર નજરે પડી શકે છે.

# નરેન્દ્ર મોદીના પ્રધાનો ઈ બુકલેટ તૈયાર કરશે

નવી દિલ્હી,તા. ૪

નરેન્દ્ર મોદીની સરકાર ૨૬મી મેના દિવસે સત્તામાં એક વર્ષ પૂર્ણ કરનાર છે. આ પ્રસંગે સરકાર જશ્નની સાથે-સાથે જવાબદારીને લઈ નવી નીતિ બનાવવામાં વ્યસ્ત છે. આ હેઠળ તમામ મંત્રાલયોને વર્ષભરની સિદ્ધિઓ અને કાર્યોને લઈને બુકલેટ તૈયાર કરવામાં કહેવામાં આવ્યું છે. સરકારે તમામ મંત્રીઓને ઓછામાં ઓછી ૧૦ પત્રકાર પરિષદ કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. સાથે-સાથે એમપણ કહેવામાં આવ્યું છે કે, આ પત્રકાર પરિષદ જુદા-જુદા રાજ્યોમાં યોજાય તે જરૂરી છે. પોતાના કામને લઈને એક ઈ-બુકલેટ તૈયાર કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. ઈ-બુકલેટને પ્રાદેશિક ભાષામાં તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે. બુકલેટની કોપીને કાર્યકર્તાઓમાં વહેંચવામાં આવશે. આ તમામ કામગીરી ઉપરાંત સોશિયલ મીડિયા ઉપર પણ ધ્યાન કેન્દ્રીત કરાશે. તમામ યોજનાઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

# નાગાલેન્ડમાં બળવાખોરોના હુમલા બાદ વિસ્ફોટક સ્થિતિ

દિમાપુર,તા. ૪

નાગાલેન્ડમાં નેશનલ સોશ્યાલિસ્ટ કાઉન્સીલ ઓફ નાગાલેન્ડના બંડખોરો દ્વારા કરવામાં આવેલા છુપા હુમલામાં આસામ રાઈફલના ૮ જવાન શહીદ થયા બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં બંડખોરોને શોધી કાઢવા જોરદાર ઓપરેશન ચાલી રહ્યું છે. આસામ રાઈફલના જવાનો બળવાખોરોને શોધી કાઢવા ગુપ્ત વિસ્તારો અને વન્ય વિસ્તારમાં ઓપરેશન ચલાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે બંડખોરોએ નાગાલેન્ડમાં ગ્રામીણ વિસ્તાર



ઉપર અર્ધલશ્કરી દળના કાફલા ઉપર પ્રચંડ બ્લાસ્ટ કર્યા બાદ છુપો હુમલો કર્યો હતો. જેમાં આસામ રાઈફલના ૮ જવાનોના મોત થયા હતા. અન્ય છ જવાન ઘાયલ થયા હતા, જ્યારે અન્ય ચાર જવાનો લાપતા હોવાના અહેવાલ છે. મ્યાનમાર સાથેની સરહદ ઉપર નાગાલેન્ડમાં આ હુમલો કરાયો હતો. જવાનો તોબુ વિસ્તારથી તેમની કંપની કેમ્પમાં જઈ રહ્યા હતા ત્યારે આ હુમલો કરાયો હતો.

આસામ રાઈફલના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, જવાનો જે વાહનમાં પ્રવાસ કરી રહ્યા હતા તે વાહનને ટાર્ગેટ બનાવીને પહેલા બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ અંધાધુંધ ગોળીબાર કરાયો હતો. નાગાલેન્ડ પોલીસના વડાનું કહેવું છે કે, આસામ રાઈફલના ૮ જવાનો આ હુમલામાં શહીદ થયા હતા. જયારે અન્ય છ જવાનો ઘાયલ થયા હતા. ૪ જવાન લાપતા હોવાનું જાણવા મળેલ છે. જે છ જવાનોને ગોળીઓ વાગી છે તે પૈકી બેની હાલત ગંભીર હોવાનું જાણવા મળેલ છે. આસામ રાઈફલના અધિકારીઓનું કહેવું છે કે, વાહનમાં ૨૦થી વધુ જવાનો હતા. આસામ રાઈફલના જવાનોએ વળતો હુમલો કર્યો હતો પરંતુ આમાં મોટી સફળતા મળી નહતી. બંડખોરોએ આરપીજી સાથે હુમલો કર્યો હતો.